GJPT070011072024		દાખલ તારીખ:૧૬/૦૭/૨૦૨૪
		રજી.તારીખ: ૧૬/૦૮/૨૦૨૪
	સત્યમेव जयते	ફેંસલ તારીખ: ૨૩/૦૭/૨૦૨૬
		સમયગાળો: વર્ષ- માસ- દિવસ ૦૨ -૦૦ -૦૭

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ, મુ.રાધનપુર, જી.પાટણ

ક્રિ.કેસ.નં.**૮૦૩/૨૦૨૪**
આંક- ૩૦

ફરીયાદીઃ- **રબારી નરસંગભાઈ શીવાભાઈ,** ઉ.વ.આ.૩૧, ધર્મે.હિન્દુ, ધંધો.ખેતી, રહે.મુ.નજુપુરા, તા.રાધનપુર, જી.પાટણ.

-: વિ રુ દ્ધ :-

આરોપીઃ- **આશાબેન વિક્રમભાઈ બારીયા,** ઉ.વ.આ.પુખ્ત, ધર્મે.હિન્દુ, મુળ રહે. જીવાતખાના પાસે, મુ.તા.રાધનપુર, જી.પાટણ. હાલ રહે.ગ્રીનપાર્ક સોસાયટી (વિરાબા નાડોદાના મકાનમાં), મુ.તા.રાધનપુર, જી.પાટણ.

ગુનોઃ- **ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ.**

ફરીયાદી તરફે વિ.વ.શ્રી	આર.કે.બારોટ
આરોપી તરફે વિ.વ.શ્રી	એમ.એચ.મુલાણી

// ઠરાવ //

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, સદર કામના આરોપીએ ધંધાના વિસ્તાર કરવા માટે ખેતીના સાધનોની ખરીદી કરવાનું જણાવી રૂા.૨,૦૦,૦૦૦/- છએક મહીનામાં પરત આપી દેવાનું જણાવી હાથ ઉછીના ફરીયાદી પાસેથી કોઈપણ લખાણ વગર વિશ્વાસ અને ભરોસા પર લીધેલ અને સદર લેણી રકમ પરત કરવા સારુ યુનિયન બેંન્ક ઑફ ઈન્ડીયાના ચેક નં.૦૮૮૫૨૩ નો તા.૧૬/૦૫/૨૦૨૪ના રોજનો

આપેલ. સદર ચેક તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ ફરીયાદીએ તેઓની એચ.ડી.એફ.સી.બેંક રાધનપુર શાખામાં જમા કરાવતા તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ તેઓની એચ.ડી.એફ.સી બેંક દ્વારા અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ જેના રીટર્ન મેમા તા.૨૦/૦૫/૨૦૨૪ના રોજ કુરીયર દ્વારા તેઓને મળેલ. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપી બીજી વખત ચેક ખાતામાં જમા કરવાનું જણાવતા તા.૧૯/૦૬/૨૦૨૪ના રોજ ફરી ફરીયાદીએ સદર ચેક તેઓના ઉપરોક્ત ખાતામાં જમા કરાવતા તા.૨૨/૦૬/૨૦૨૪ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ હોવાનું બેંક દ્વારા કુરીયરથી જાણ કરવામાં આવેલ. ત્યારબાદ તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ આરોપીને રજી.એડી.થી ડીમાન્ડ નોટીસ મોકલવામાં આવેલ જે તા.૨૮/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને કાયદેસર રીતે બજી ગયેલ હોવા છતાં આરોપીએ આજ દીન સુધી ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ ન હતો. જેથી આ કામના ફરીયાદીએ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા અત્રેની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ અન્વયે આ કામના આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ-૧૩૮ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે હાથ ધરવા સમન્સ કાઢવામાં આવેલ હતો જેની ધોરણસર બજવણી થઈ જતા આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થયા છે. આરોપીને ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાઓની નકલ મળી ગયા હોવાની ખાત્રી કરી સદરહુ ગુના અંગે આંક-૭ થી સમન્સ ટ્રાયેબલ ફોર્મમાં પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરતા આરોપીનો સદરહુ જવાબ નોંધી કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહુ કેસના સમર્થન માટે ફરીયાદપક્ષના દ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલો છે.

<u>મૌખિક પુરાવો</u>

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદી-રબારી નરસંગભાઈ શીવાભાઈનાઓની સરતપાસનું સોગંદનામું	૧૧

દસ્તાવેજી પુરાવો

ક્રમ	વિગત	આંક
૧	યુનીયન બેંક ઑફ ઈન્ડિયા રાધનપુર શાખાનો ચેક નં.૦૮૮૫૨૩	૧૩
૨	ચેક બેંકમાં જમા કરાવ્યાની પહોંચ	૧૪
૩	એચ.ડી.એફ.સી.બેંક રાધનપુર શાખાનો રીટર્ન મેમો	૧૫
૪	ચેક ફરીથી બેંકમાં જમા કરાવ્યાની પહોંચ	૧૬
૫	એચ.ડી.એફ.સી.બેંક રાધનપુર શાખાનો ફરીથી થયેલ રીટર્ન મેમો	૧૭
૬	આરોપીને પાઠવેલ નોટીસ	૧૮
૭	નોટીસ પોસ્ટ કર્યાની પહોંચ	૧૯
૮	નોટીસ બજવણી ટ્રેકીંગ રીપોર્ટ	૨૦
૯	નોટીસ બજવણી અંગે પોસ્ટનું લેટર	૨૧
૧૦	ફરીયાદીનુ આધારકાર્ડ	૨૨

– આ કામે ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૨૭ થી પુરાવા બંધ અંગેની "ક્લોઝીંગ પુરશીસ" રજુ રાખેલ છે.

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે અને ફરિયાદી અમારી ઉપર ખોટો કેસ કરેલ છે. અમારી સામે કાયદેસરનું કોઈ લેણું બાકી ન હોવા છતાં અગાઉ સિક્યુરીટી પેટે લીધેલ ચેકનો દુરુપયોગ કરી ચેકમાં ખોટી વિગતો ભરી ખોટી રીતે બેંકમાં રજુ કરી આ ખોટી ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે તેમજ નોટીસ તેઓને બજેલ ન હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.વી.મકવાણાનાઓની મૌખિક દલીલો કરતા જણાવેલ છે કે આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીના રૂપિયા ૨ લાખ લીધેલ અને તે રકમ પરત કરવા માટે હાલનો ચેક આપેલ જે કુલ ૨ વખત બેંકમાંથી અપુરતા ભંડોળના શેરા સાથે પરત આવેલ

હોવાની હકીકત ફરિયાદપક્ષ સાબિત કરેલ છે ત્યારબાદ ફરિયાદી દ્વારા કાયદેસર રીતે આરોપીને ડીમાન્ડ નોટીસની બજવણી કરેલ હોવા છતાં તેની અમલવારી આરોપીએ કરેલ ન હોઈ અને તેનો કોઈ પ્રત્યુત્તર આપેલ ન હોઈ જેથી ફરિયાદીના કેસ તેઓએ કબુલ રાખેલ છે જે જોતાં એન.આઈ.એક્ટની કલમ–૧૩૮મુજબનો ગુનો આરોપીએ કરેલ હોવાનું પુરવાર થતું હોઈ તેઓને કાયદામાં નિયત મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

(૫.૧) બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.એચ.મુલાણી નાઓએ મૌખિક દલીલો કરી આંક–૨૯થી લેખિત દલીલો રજુ કરી જણાવેલ છે કે, આરોપી અને ફરિયાદી અલગ અલગ ગામના/જ્ઞાતિના હોવા છતાં વગર લખાણે રૂપિયા બે લાખ ઉછીના આપે છે, તે માનવા લાયક નથી તેમજ પ્રથમ એડવાન્સ ચેક સીકયોરીટી પેટે લીધાનું જણાવે છે અને પછી ફેરવી તોળે છે જેથી કુદરતી ક્રમે પ્રથમ આપેલ જવાબ જ ખરો છે તેવુ માની શકાય તેમ છે તેમજ ઉછીના વ્યવહારની પણ કોઇ જ ચોકકસ તારીખ/વાર/સમય નથી–લખાણ નથી તેમજ કહેવાતા સાક્ષી ઇશ્વરભાઈ જેઠાભાઈ હોવાનું દર્શાવે છે તેઓને તપાસવામાં આવ્યા નથી તેમજ રૂપિયા બે લાખ જેવી માતબર રકમ ઉછીની આપેલ તેની કોઇ જ જગ્યાએ ફરિયાદી નોંધ રાખતા નથી તેમજ આ સિવાય પણ બીજો તેઓનો ૧૩૮ નો જ કેસ દસ લાખ હાથ ઉછીની આપ્યાનો દાખલ થયેલ છે જે પેન્ડીંગ છે (આમ, ફરિયાદી વ્યાજ/વટાવનો ધંધો એડવાન્સમાં સીકયોરીટી પેટેનો ચેક લઇને કરતા હોવાનું અનુમાન કરી શકાય તેવા તમામ સંજોગો છે.) તેમજ આરોપી ફરિયાદીના ઘેર ગયેલ નથી અગરતો ફરિયાદી–આરોપીના ઘેર ગયા નથી (આમ છતાં ગાઢ મિત્રતાના સબંધો હોવાનું જણાવે છે) તેમજ સૌથી અગત્યની હકીકત આરોપીના ચેકની કસ્ટડી આ કામના ફરિયાદી પાસે હતી કે કેમ ? તેનો અગત્યનો અને સ્વીકૃત પુરાવો જોઇએ તો, ચેકમાં ધારણ કરનાર તરીકે કરિયાદીના નામ વાળા અક્ષરો તથા આ ચેકમાં તારીખ અને રકમ વાળા અક્ષરો અલગ અલગ હોવાનું ફરિયાદી કબુલ કરે છે એટલું જ નહિં, ચેકમાં ધારણ કરનાર તરીકે લખેલ અક્ષરો તથા રકમ અને તારીખના અક્ષરો ફરિયાદીના છે તેવુ કબુલ કરે છે જેથી આ સ્વીકૃત હકીકત જ ફરિયાદીનો કેસ શંકાસ્પદ બતાવે છે. વધુમાં અત્રે તારીખ/રકમ/નામમાં જ્યારે ફરિયાદી ખુદના અક્ષરો હોય તો ચેકની

કસ્ટડી–અગાઉથી જ ફરિયાદી પાસે હોવાનું પુરવાર થાય છે. આમ, કથિત ચેક સીકયુરીટી પેટેનો એડવાન્સમાં લીધેલ હોય તેનો દૂર ઉપયોગ થયો છે તેમજ પ્રસ્તુત હકીકત માનવા માટેના તમામ સંજોગો પણ રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. વધુમાં ફરિયાદી અને આરોપી વચ્ચે આ અગાઉ પણ નાણાંકીય વ્યવહારો થતાં હતાં તે ફરિયાદી–ઉલટમાં કબુલ કરે છે અને આરોપી પાસે ગુગલ પે ના માધ્યમથી ફરિયાદીના ખાતામાં પાંત્રીસથી ચાલીસ હજાર પુરા જમા થયા છે તેવું પણ કબુલ કરે છે તેમજ એક તરફ ફરિયાદી એવું પણ કબુલ કરે છે કે ચેક રીટર્ન થયો અને નોટીસ આપી તે દરમ્યાન કોઇ લેવડ દેવડ આરોપી સાથે નથી.(અત્રે નામ.કોર્ટનું ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન તેઓને તેમના બેંક ખાતાનું સ્ટેટમેન્ટ રજુ કરવા બાબતે પુછાયેલ પ્રશ્નમાં બે વખત તેઓ આ સ્ટેટમેન્ટ રજુ કરશે તેવી ખાત્રી આપેલ હતી પરંતુ આમ છતાં તેઓ સદર તેમના ખાતાનું બેંક સ્ટેટમેન્ટ રજુ કરતા જ નથી. આમ આ રીતે પણ ફરિયાદી વિરૂધ્ધ એવીડન્સ એકટની કલમ–૧૧૪ મુજબ વિરૂદઘનું અનુમાન થઈ શકે તેમ છે) વધુમાં ફરિયાદીએ આરોપીને નોટીસ બજાવ્યાનો આધાર માત્ર આંક–૨૧ ના ટ્રેક રીપોર્ટ ઉપર રાખેલ છે, પરંતુ આ ટ્રેક રીપોર્ટ અનેક રીતે શંકાસ્પદ છે. સૌ પ્રથમ તો કથિત નોટીસ વાળા કવરની બજવણી કોને કરવામાં આવી તે જ ફલીત થતું નથી તેમજ કથિત ટ્રેક રીપોર્ટ તે હાલની ફરિયાદ વાળી નોટીસ જે વિન્ડો સ્લીપ (IVR નં.૮૨૭૧૨૨૧૧૪૨૦૨૭ (R.G.નં.૨૨૧૧૪૨૦૨૭ IN (આંક–૧૯)વાળા કવરની બજવણી છે કે કેમ? તે જ પુરવાર થતુ નથી. આમ આ કેસમાં ફરિયાદીએ આરોપીને નોટીસની બજવણી કરેલ જ નથી અને તેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનતો જ નથી. વધુમાં સદર આરોપીને નોટીસની બજવણી શંકાસ્પદ છે ત્યારે આ કામમાં નોટીસ બજાવ્યા અંગેનો નક્કર પુરાવો ફરિયાદીએ આપવો જોઇએ તે આપેલ જ નથી. વધુમાં આ તબકકે ફરિયાદીની ફરિયાદ તથા આંક–૧૧ ની જુબાની જોવામાં આવે તો કહેવાતો ચેક અગાઉ પણ આ જ કારણસર રીટર્ન થયેલ છે ત્યારથી જ હકીકતમાં નોટીસ આપવાની મુદ્દત શરૂ થયેલ ગણાય– પ્રસ્તુત કેસ જોવામાં આવે તો, આંક–૧ ફરિયાદ તથા આંક–૧૧ સરતપાસ મુજબ પ્રથમ વખતનો ચેક તા.૨૦/૦૫/૨૬ ના રોજ પરત ફરે છે તે હકીકત સ્વીકૃત છે જયારે નોટીસ તા.૨૭/૦૬/૨૬ ના રોજ બીજી વખત ચેક રીટર્ન

થયા પછી આપવામાં આવે છે. વધુમાં અત્રે આરોપીનું સ્પષ્ટ કથન એવા પ્રકારનું છે કે, હકીકતમાં ફરિયાદીને બીજી વખત ચેક ભરવા માટે આરોપીએ કહેલ હોય કે વાયદો કરેલ હોય તેવો કોઈ જ માનવા લાયક પુરાવો નથી આમ, તેથી પણ આ કેસમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ મુજબનો કોઈ ગુનો બનતો નથી. વધુમાં અત્રે સૌથી અગત્યની હકીકત જોઈએ તો ફરિયાદી તેમનું કાયદેસનું લેણું જ પુરવાર કરી શકતા નથી. રૂપિયા બે લાખની જ રકમ લેણી બાકી છે? તેનો પુરાવો જ નથી. વળી, વખતો વખત લેતી દેતી થાય તેવુ અને તેમના ખાતામાં ફરિયાદી એ ગુગલ પે થી ૩૫ થી ૪૦ હજાર રકમ મોકલી છે તો તેની કોઈ જ હકીકતનો આંક-૧ ની ફરિયાદમાં કેમ ઉલ્લેખ નથી. આમ, તે રીતે પણ લેણું શંકાસ્પદ છે અને અગાઉ રાખી મુકેલ કોરા સીક્યુરીટી પેટે લીધેલ ચેકનો તેમનું નામ/રકમ/તારીખ તેમના ખુદના જ સ્વહસ્તાક્ષરમાં લખીને રજુ કરી દીધો છે અને તે રીટર્ન કરાવેલ છે. અત્રે હકીકત યા આરોપીને કોઈ જ નોટીસ પાઠવેલ નથી અને આરોપીને કોઈ જ નોટીસ મળી જ નથી. અન્યથા જે તે વખતે જ આરોપી દ્વારા તેનો કોઈ ખુલાસો થઈ ગયો હોત. આમ આ રીતે પણ હાલનો કેશ શંકા રહિત સાબિત કરવામાં ફરિયાદી નિષ્ફળ ગયા છે તેમ જણાવી નીચે મુજબના એપેક્ષ કોર્ટના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. (1) Krishna Janardhan Bhat V/S Dttatraya H.Hegde AIR 2008 S.C.P.1325 Para-30, (2) Krishna Janardhan Bhat V/S Dttatraya H.Hegde AIR 2008 S.C.P.1325, (3) The Corrspondence RBANMS Educational Institution V/S B.Gunashekar and Anthor Civil Appeal No.5200/25, Order Dated:16/04/25, (4) Basalingappa V/S Mudiasoppa 2019(5) SCC P.418, (5) Bhavubha Bechar Sinh Chavda V/S State of Gujarat Order Dated: 19/06/25.

(૬) આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ફરીયાદીનું કાયદેસરનું લેણું પેટે રૂા.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા)નો ચેક નં.૦૮૮૫૨૩ નો તા.૧૬/૦૫/૨૦૨૪ નારોજ એચ.ડી.એફ.સી બેંક રાધનપુર શાખામાં જમા કરાવતા તા.૧૭/૦૫/૨૦૨૪ના રોજ તેઓની એચ.ડી.એફ.સી બેંક દ્વારા અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ. ત્યારબાદ આરોપીએ બીજી વખત ચેક આપતા તા.૧૯/૦૬/૨૦૨૪ના રોજ ફરીયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા તા.૨૨/૦૬/૨૦૨૪ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ?

૨. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બેંકે ચેક સ્વીકાર્યા વિના પરત કરેલો જેની જાણ, ફરીયાદીને જાણ થયા બાદ નિયત મુદ્દતમાં, આરોપીને લેણાં અંગે નોટીસ આપેલી હોવા છતાં આરોપી નિયત સમયમાં ફરીયાદીની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલાં છે?

૩. શું ફરીયાદી પોતાની બાકી રહેતી લેણી રકમ મેળવવા હક્કદાર છે?

૪. શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાના મારા ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

૧. **હકારમાં,**

૨. **હકારમાં,**

૩. **હકારમાં,**

૪. **આખરી હુકમ મુજબ.**

:: કારણો ::

– **ઉપરોક્ત નિર્ણયો ઉપર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.**

(૮) આરોપી વિરૂદ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરીયાદપક્ષે આંક–૧૧ થી આ કામના ફરીયાદી રબારી નરસંગભાઈ શીવાભાઈનાઓએ પોતાની સરતપાસનું સોગંદનામુ રજુ કરી ફરીયાદમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. સદરહુ હકીકતો આ ચુકાદામાં અગાઉ જણાવી દેવામાં આવેલ હોઈ અત્રે તેનું પુનરાવર્તન કરવુ ઉચિત નથી. આમ, ફરીયાદીએ પોતાની સરતપાસના સોગંદનામામાં ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે.

સદરહુ ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસની વિગતો ધ્યાને લઈએ તો, આ કામના ફરીયાદીએ ઉલટતપાસ માં જણાવેલ છે કે, " તેઓએ આરોપી પાસેથી પાવડો, કોદાળી, ટોકર ખરીદ કરેલ પરંતુ કઈ તારીખે ખરીદ કરેલ તે યાદ નથી તેમજ તેઓને દુકાનનું નામ ખબર નથી તેમજ આરોપીની દુકાન ન હોવાનું જણાવેલ છે તેઓ રોડની બાજુમાં વેચવા બેસતા ત્યારે સૌપ્રથમ ૨૦૨૨ ના વર્ષમાં ખરીદી કરેલ જે ખરીદીના બીલ તેમની પાસે નથી તેમજ ફરિયાદી તથા આરોપીનું ગામ અલગ અલગ છે તેમજ ફરિયાદી આરોપીના ઘરે બે વાર ગયેલ છે તેમજ પૈસા ઉછીના આપેલ તે માટે તેઓ આરોપીના ઘેર ગયેલ તેમજ તેઓ આ કેસમાં જે લેતી દેતી જણાવેલ છે તે અગાઉ તેઓ આરોપીના ઘેર ગયેલ નથી તથા આરોપી પણ ફરીયાદીના ઘરે ગયેલ નથી. વધુમાં ફરીયાદી પોતાની ખરીદી રોકડેથી આરોપીના વેચાણ કેન્દ્ર પુલની નીચે ફુટપાથ પરથી કરતા અને જ્યાંથી નજીકમાં હાઈવે પોલીસ ચોકી આવેલ છે તેમજ ફરિયાદવાળી લેતી દેતી શરૂ કરી તે અગાઉ આરોપીનો ફોન નંબર ફરિયાદી પાસે હતો અને ફરીયાદવાળી લેતી દેતી અગાઉ ફરિયાદીનો મોબાઈલ નંબર આરોપીને આપેલ. વધુમાં ફરીયાદી અને આરોપી વચ્ચે ટેલીફોનીક વાતચીત બનાવ અગાઉના થતી હતી તથા આરોપી પાસેથી ફરીયાદીએ વધુમાં વધુ ૫ થી ૬ હજારનો ખરીદી વ્યવહાર થયેલ. ફરીયાદી જણાવે છે કે રૂપીયા બે લાખ હાથ ઉછીની રકમની માંગણી તેમના મિત્ર રબારી ઈશ્વરભાઇ જેઠાભાઈ ની હાજરીમાં વર્ષ ૨૦૨૩ ના પહેલા, બીજા કે ત્રીજા મહીનામાં થયેલ પરંતુ તેમને તારીખ યાદ નથી અને

ફરીયાદીએ વર્ષ ૨૦૨૩ ના છઠ્ઠા કે સાતમાં મહીનામાં આરોપીને એક સાથે રકમ આપેલ. સાહેદ જણાવે છે કે પૈસા આપ્યા તે વખતે ચેક સિક્યુરીટી પેટે ચેક લીધેલ, પરંતુ તેઓ હવે કહે છે કે પૈસા આપ્યા તે વખતે ચેક લીધેલ નહી અને ઉઘરાણી કરી ત્યારે ચેક આપેલ. વધુમાં ફરીયાદી પાસે જે રકમ આપેલ તેનું કોઇ લખાણ કે પ્રોમીસરી નોટ તેમની પાસે નથી અને આરોપીને કઇ તારીખે પૈસા આપેલ તે પણ તેઓને યાદ નથી.

વધુમાં આરોપીએ રકમ એક સાથે પરત કરવાની વાત કરેલી તથા તેમને આરોપી સાથેના મિત્રતાના સંબંધ ન હતા, તેઓ ફક્ત આરોપી પાસેથી અવાર–નવાર માલ ખરીદતા હતા. વધુમાં છ મહીનાનો વાયદો સને ૨૦૨૪ના પાંચમાં મહીનામાં પુરો થતા ફરીયાદીએ આરોપી પાસે તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ ઉઘરાણી કરેલ. ફરીયાદી એ બાબતનો સ્વીકાર કરે છે કે તેઓએ આરોપીને રકમ આપેલ અને તેઓએ તેનો ચેક તેમને આપેલ તે સમય દરમ્યાન તેમને આરોપી સાથે બીજી કોઈ રકમની લેવડ દેવડ થયેલ નહી, તથા તેઓને આરોપી પાસેથી કોઈ વ્યાજ લેવાનું નક્કી કરેલ નહી. વધુમાં આરોપીએ ચેક ફરીયાદીના ઘેર આપેલ. ફરીયાદી આરોપીના ઘેર ગયેલ તે અગાઉ આરોપી સાથે ફોન પર વાત થયેલ તથા ઇશ્વરભાઇ સાક્ષીમાં હતા તેથી ફરીયાદીએ તેમની સાથે ફોન પર વાત કરેલ તેમજ ફરિયાદીના મોબાઈલ ફોન નં.૮૩૨૦૨૫૦૭૯૨ ઉપરથી ફરિયાદીને ઈશ્વરભાઈની સાથે ફરિયાદીને વાતચીત થયેલી તેમજ ફરિયાદીને આરોપી સાથે કોઈ વાતચીત થયેલ નહિ તેમજ ઈશ્વરભાઈ સાક્ષીમાં હતા તેથી ફરિયાદીએ તેમને ફોન કરેલ તેમજ આરોપી ઘરે છે કે કેમ તેની ખાતરી આરોપીના ઘેર જતાં અગાઉ કરેલ નહિ તેમજ આશાબેન કેટલુ ભણેલ છે તે તેમને ખબર નથી તેમજ આરોપીને અંગ્રેજી લખતા વાંચતા આવડે છે કે કેમ તે તેમને ખબર નથી તેમજ ફરિયાદી ધોરણ નવ સુધી ભણેલ છે તેમજ તેમને અંગ્રેજી આંકડા લખતા આવડે તેમજ વધુમાં ફરીયાદીએ પૈસા આપતા પહેલા આરોપી બેંન્કમાં કોઇ ખાતુ ધરાવે છે કે કેમ તેની ખરાઈ કરેલ નહી તથા તેમાં સહી તથા ધારણ કરનારના નામ અક્ષરો જુદા જુદા હતા તેમજ ચેકમાં ધારણ કરનાર તરીકે લખેલ ફરિયાદીના નામના અક્ષરો ફરિયાદીના છે તેમજ ચેકમાંની રકમ તથા તારીખ ફરિયાદીના અક્ષરોમાં છે તેમજ ચેક બેરર તથા એકાઉન્ટ પે હોય તે ફરિયાદીને ખબર નથી તેમજ સદર ચેકની પાછળની

બાજુએ એક સહી આશાબેન વિક્રમભાઈ બારીયાની છે તેમજ આ ચેક તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ પ્રથમ વાર જમા કરાવતા તેમને તા.૨૦/૦૫/૨૦૨૪ના રોજ પરત મળેલ, ત્યારબાદ ફરીયાદી આરોપીના ઘેર ગયેલ અને આરોપીએ મહીના પછી નાખવાનું કહેલુ. ફરીયાદી ચોવીસ પચ્ચીસમી તારીખે આરોપીના ઘેર ગયેલ અને ચેક પરત આવ્યાનુ આરોપીને કહી ચેકની રકમની માંગણી કરેલ. વધુમાં આરોપીએ કરેલ વાયદાનુ કોઈ ચોક્કસ લખાણ આરોપી પાસે નથી અને આરોપીએ ચેક ફરીથી નાખવાની ચોક્કસ તારીખ જણાવેલ નથી અને મહીનામાં વ્યવસ્થા કરી દેશે તેવુ જણાવેલ.

સદર ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, પ્રથમવાર ચેક ભરેલ ત્યારથી બીજીવાર ચેક ભરેલ તે દરમ્યાન આરોપી સાથે કોઇ રકમની લેવડ-દેવડ થયેલ નથી અને બીજીવાર ચેક જમા કરાવ્યા પહેલા પણ કોઈ વાતચીત થયેલ નહી તેમજ હવે ફરિયાદી ચેક જમા કરાવે છે પૈસાની વ્યવસ્થા કરી રાખજો તેવી ફરિયાદીને આરોપી સાથે કોઈ વાતચીત થયેલ નહિ. વધુમાં આરોપી બીજીવાર ચેક જમા કરાવેલ તે વણચુકવ્યો પરત ફરેલ તેમજ ચેક બેંકમાંથી કઈ તારીખે પરત મળેલ તે ચોક્કસ યાદ નથી તેમજ ચેક ઘરે આવેલ તેમજ બીજીવાર ચેક પરત આવેલ ત્યારે ફરિયાદીએ આરોપીનો તેમના ઘેર સંપર્ક કરેલ તેમજ સંપર્કની તારીખ યાદ નથી તેમજ જ્યારે તેઓ આરોપીના ઘેર ગયેલ ત્યારે આરોપીએ પૈસા હાલ નથી તેમ કહેલ. ત્યારબાદ ફરીયાદીએ વકીલનો સંપર્ક કરેલ અને તેઓએ જે માહીતી વકીલ સાહેબને આપેલ તે મુજબ નોટીસ તૈયાર કરેલ જે તેઓએ વાંચેલ તેમજ આ નોટીસ કેવી રીતે રવાના થઈ કોને મળી કેવી રીતે મળી તે ફરિયાદીને ખબર નથી તેમજ બીજીવાર ચેક પરત ફરેલ ત્યારથી નોટીસ મોકલી તે દરમ્યાન તેઓને આરોપી સાથે પૈસાની કોઈ લેવડ-દેવડ થયેલ નથી તેમજ નોટીસ મોકલ્યા અગાઉ ફરિયાદીને આરોપી સાથે કોઈ પૈસાની લેવડ દેવડ થયેલ નહિ. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે, રાધનપુર કોર્ટમાં બીજી એક ચેક રીટર્નની રૂપિયા દસ લાખના ચેકની ફરીયાદ કરેલ છે અને તે ચેક પણ ઉછીની રકમનો હતો તેમજ ફરીયાદી તેની પાસે નાણાં ધીરધારનું લાયસન્સ ન હોવાનો સ્વીકાર કરે છે. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે તેઓએ આરોપીને રકમ આપી ત્યારથી બીજીવાર ચેક રીટર્ન થયો તેની નોટીસ આપી તે દરમ્યાન આરોપીએ તેમને ગુગલ-પે થી કોઇ રકમ મોકલી આપેલ હોય તેવુ બનેલ નથી અને આરોપીના

બેંક ખાતામાંથી ફરિયાદીના બેંક ખાતામાં ગુગલ–પે રકમ આવેલ હોય તેવુ બનેલ છે તેમજ કેટલીવાર ગુગલ–પે થી ટ્રાન્ઝેક્શન થયેલ તે ફરિયાદીને ખબર નથી તેમજ તેમનુ ગુગલ–પે ટ્રાન્ઝેક્શનની રકમ આશરે પાંત્રીસ થી ચાલીસ હજાર હશે. વધુમાં ફરીયાદી તેના ખાતામાં રૂપીયા પાંચસો, હજાર, પંદરસો, બે હજાર જેવા વ્યવહારથી રકમ આવ્યાનું અને તેમનું બેંક ખાતુ એચ.ડી.એફ.સી બેંકમાં હોવાની હકીકત સ્વીકારે છે અને બેંક ખાતાના એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ મેળવી કોર્ટમાં રજુ કરી શકવાનું જણાવે છે.

વધુમાં ફરિયાદી પોતાના બેંક ખાતાના સ્ટેટમેન્ટ આજરોજ લાવેલ નથી તેમજ ફરિયાદીએ બેંક ખાતાના સ્ટેટમેન્ટ તેઓએ માંગેલ હોય અને બેંકે તેમને આપેલ હોય કે આપવા માટે ના પાડેલ હોય તેનો કોઈ આધાર ફરિયાદી પાસે નથી તેમજ ફરિયાદીના એચ.ડી.એફ.સી. બેંકના એકાઉન્ટ નં.૫૧૧૦૦૩૬૩૦૦૮૯૮૦ છે તેમજ ફરીયાદને આરોપીએ ધમકી આપેલ હોવા બાબતની કોઈ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલ નથી. ફરીયાદી ફરીયાદવાળો ચેક બેંકમાં ડીપોઝીટ કરવા ગયેલા. વધુમાં તેઓ આંક–૧૩ વાળો ચેક અને આંક–૧૪ વાળી સ્લીપના અક્ષરો એકસરખા તથા ચેક તા.૧૬/૦૫/૨૦૨૪ના રોજ આંક–૧૪ વાળી સ્લીપ મુજબ જમા કરવામાં આવેલ હોવાનું સ્વીકારે છે. વધુમાં તેઓ આંક–૧૫ પ્રમાણે તા.૧૭/૦૫ /૨૦૨૪ ના રોજ આંક–૧૩ વાળો ચેક રીટર્ન થયેલ હોવાનું સ્વીકારે છે. વધુમાં ફરિયાદી તેમના બેંક ખાતાનુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ લાવેલ નથી તેમજ તેમને યાદ ન હતુ તેથી લાવેલ નથી તેમજ તેમના બેંક ખાતાનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ જોઈતુ હોય તો લાવી આપવા તૈયાર છે અને તે સિવાયની તમામ હકીકતોનો ફરીયાદી ઈન્કાર કરે છે.

– પુરાવાનું મુલ્યાંકન–

મુદ્દા નં.૧ ની ચર્ચા:–

(૯) આ કામના આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ના શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ છે. ફરીયાદપક્ષે અપાયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા અગાઉ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Section 138:- Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts.

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:- Provided that nothing contained in this section shall apply unless

(a) the cheque has been presented to the Bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within 15 days of the receipt of the said notice. Explanation.—For the purposes of this section, “debt of other liability” means a legally enforceable debt or other liability.

(૯.૧) આ કામે હાલના ગુનાના આરોપી વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ–૧૩૮ મુજબનો આક્ષેપ છે, ત્યારે રેકર્ડ પર આવેલ પુરાવાની હકીકતો ધ્યાને લઈએ તો, સદર કામના આરોપીએ ધંધાના વિસ્તાર કરવા માટે ખેતીના સાધનોની ખરીદી કરવાનું જણાવી રૂા. ૨,૦૦,૦૦૦/– છએક મહીનામાં પરત આપી દેવાનું જણાવી હાથ ઉછીના ફરીયાદી પાસેથી કોઈપણ લખાણ વગર વિશ્વાસ અને ભરોસા પર લીધેલ અને સદર લેણી રકમ પરત કરવા સારુ યુનિયન બેંન્ક ઑફ ઈન્ડીયાના ચેક નં.૦૮૮૫૨૩ નો

તા.૧૬/૦૫/૨૦૨૪ના રોજનો આપેલ તેવી હકીકત ફરિયાદી તેઓની ફરિયાદમાં અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. ત્યારબાદ ફરિયાદી તરફેની નોટીસ આરોપીને આપવામાં આવેલ છે અને આરોપીએ તેનો જવાબ આપી તેનું કોઈ ખંડન કરેલ નથી. ફરિયાદીની દલીલ જોતાં અગાઉ સિક્યુરિટી પેટે આરોપી પાસેથી ફરિયાદીએ ચેક લીધેલ હોવાનું જણાવેલ છે જેથી એ હકીકત બિનતકરારી બને છે કે ફરિયાદી અને આરોપી વચ્ચે કોઈ નાણાંકીય સબંધ ન હતો અને ફરિયાદીએ તેઓની ઉલટતપાસમાં સિક્યુરિટી પેટે ચેક લીધેલ હોવાનું નકારેલ છે. જેથી ફરિયાદી અને આરોપી વચ્ચે કોઈ નાણાંકીય વ્યવહાર થયેલ ન હોવાની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વધુમાં ફરિયાદીની ફરિયાદ અને સોગંદનામામાં નાણાંકીય વ્યવહાર થયેલ હોવાની તારીખ, વાર અને સમય જાહેર કરવામાં આવેલ નથી તેમજ કોઈ લખાણ બંન્ને પક્ષો વચ્ચે કરવામાં આવેલ નથી તેવું રેકર્ડ પર છે. પરંતુ આ કામે જ્યારે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ હોય તો કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનું માનવાને યોગ્ય કારણ છે અને ચેકની વિગતો ભરવા માટે ફરિયાદીને અધિકાર આપેલ હોવાનું પણ માનવાને કારણે જેથી બંન્ને પક્ષો વચ્ચેનો વ્યવહાર થયેલ હોવાનું નકારવાનું તેમજ ચેકનો દુરૂપયોગ થયેલ હોવાની આરોપીપક્ષની દલીલ માની શકાય તેમ નથી. તેમજ ચેકના ઉપરના અક્ષરો અલગ-અલગ હોય જેથી તેનો દુરૂપયોગ કરવામાં આવેલ હોવાની દલીલ પણ માની શકાય તેમ નથી.

વધુમાં આ કામે ઉલટતપાસમાં ફરિયાદીએ ૩૫ થી ૪૦ હજારની રકમ તેઓના બેંક ખાતામાં જમા થયેલ હોવાનું કબુલ કરેલ છે અને સદર રકમ ગુગલ પે થી જમા થયેલ હોવાનું જણાવેલ છે પરંતુ આરોપી અને ફરિયાદી વચ્ચે એક કરતાં વધારે નાણાંકીય વ્યવહારો છે જેથી તે રકમ હાલના વ્યવહાર સંબંધે જમા થયેલ હોવાની હકીકત સ્પષ્ટ થતી નથી અને બંન્ને પક્ષોમાંથી કોઈ પક્ષો દ્વારા બેંક સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવેલ નથી.

આ કામે આરોપીપક્ષ તરફે રજુ કરવામાં આવેલ ચુકાદો જોવામાં આવે તો નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન્સ મુજબ હાલના કેસમાં રૂ.૨,૦૦,૦૦/-નો રોકડ વ્યવહાર છે જેથી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને જરૂરી કાર્યવાહી માટે જાણ કરવામાં આવેલ નથી. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટનો ચુકાદો જોતાં હાલના કેસમાં આ કામના ફરિયાદીએ કોઈ

હકીકત સપ્રેસ કરેલ હોય તેવું આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવેલ ન હોય જેથી ફરિયાદપક્ષ ક્લીન હેન્ડ આવેલ હોવાનું મારુ માનવું હોય જેથી તે ચુકાદો હાલના કેસમાં પ્રસ્તુત ન હોય આરોપીને તેનો લાભ આપી શકાય તેમ નથી.

(૯.૨) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટ,૧૮૮૧ની કલમ–૧૩૯ તથા કલમ–૧૧ વંચાણે લેતાં એમ સ્પષ્ટ થાય છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, આરોપી એ ફરીયાદીને ચેક આપેલ છે, તો તેવા સંજોગોમાં કેટલાંક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ, તેવો કોઈ કાયદાનો નિયમ નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ, તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટતપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે. ચુકાદાની સગવડતા ખાતર કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નીચે મુજબ રજુ છે.

Section. 118:- Presumptions as to negotiable instruments.

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration. that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date. that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance. that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of in dorsements. that the in dorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamp. that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course. that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

Section 139. Presumption in favour of holder.

It shall be presumed,unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૯.૩) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ–૧૩૯ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે, તો તેમા આરોપીએ આપેલ ચેક તે કાયદેસર નાં દેવા પેટે આપેલ છે, તેથી વિરુદ્ધનું પુરવાર ન થાય, ત્યાં સુધી તે ચેક કાયદેસરનાં દેવા પેટે આપેલ છે, તેવુ અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ–૧૩૯ મુજબનાં અનુમાનનો વ્યાપ કેટલો છે, તેમજ આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી કોના પર છે, તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટનાં ચુકાદા તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટનાં ચુકાદા **રંગપ્પા વિ.શ્રી મોહન,** ૨૦૧૦ ક્રિમીનલ લો જનરલ (સુપ્રિમ કોર્ટ) ૨૮૭૧ થી પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લેવો જરૂરી છે, જે નીચે મુજબ છે.

Wherein it was held that bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting the benefit of shifting the onus of proving to the plaintiff.

“26. In light of these extracts, we are in agreement with the respondent- claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to

the accused to raise a defence wherein the existence of a legally enforceable debtor liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant.

“27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof.

“28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of ‘preponderance of probabilities’. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.”

(૯.૪) આમ, નામદાર સુપ્રીમ કોર્ટનાં ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતનો અભ્યાસ કરતા ધી એન.આઇ.ઍક્ટની કલમ–૧૩૯ નાં અનુમાનનું અર્થઘટન તથા તે અનુમાનનું ખંડન કરવાની આરોપી પર રહેલ જવાબદારી તથા તે માટે આરોપી તરફે આપવાના પુરાવાના ધોરણની ચર્ચા ધ્યાને લેતાં એવું ફલિત થાય છે કે, જ્યાં સુધી આરોપી તરફે ધી

એન.આઇ.ઍક્ટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા પૂરતો પુરાવો કે હકીકતો રેકર્ડ પર ન આવે, ત્યાં સુધી આરોપીએ આપેલ ચેક કે પોતાની કાયદેસરની અથવા બીજી જવાબદારી પેટે ચેક આપેલ છે, તેવુ અનુમાન કરવુ પડે. વળી, આ અનુમાનુનું ખંડન કરવાની જવાબદારી આરોપી પર રહેલ છે અને તે માટે આરોપી પોતે પુરાવો આપી શકે અથવા રેકર્ડ પર આવેલ પુરાવા પર આધાર રખી શકે અથવા સંજોગો પર આધાર રાખી શકે. વળી, આ કાયદાકીય અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સામાન્ય રીતે ફોજદારી કેસોમાં ફરીયાદપક્ષે આરોપીનો ગુનો સાબિત કરવાની જે જવાબદારી રહેલ હોય, તેવી જવાબદારી નથી. પરંતુ આરોપીએ પ્રબળ સંભાવના કે સંજોગો એટલે કે, પ્રિપોન્ડરન્સ ઑફ પ્રોબેબલીટીઝ રેકર્ડ પર લાવવી પડે અથવા તેવા સંજોગો દર્શાવવા પડે, જે પરથી ફરીયાદપક્ષનાં કેસ પર વ્યાજબી શંકા ઉદ્‌ભવે કે જેથી આપેલ ચેક એ કાયદેસર દેવા પેટે આપેલ નથી, તેવુ સામાન્ય સંજોગોમાં માનવા માટે અદાલત પ્રેરાય અને આવા સંજોગો રેકર્ડ પર આવ્યેથી આરોપીએ આપેલ ચેક તે કાયદેસરનાં દેવા પેટે કે બીજી કોઇ પણ કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ છે, તેવુ શંકાથી પર અને કડીબદ્ધ રીતે ફરીયાદપક્ષે સાબિત કરવાની જવાબદારી ઊભી થાય, પરંતુ ત્યાં સુધી આ ચેક કાયદેસરનાં દેવા પેટે આપેલ છે, તેવુ જ અનુમાન થાય. વળી, નામ.સુપ્રીમ કોર્ટનાં એન.એસ.નારાયણન ના ચુકાદાના પેરા–૪૫ માં કરેલ અવલોકન ધ્યાને લેતાં, આ પ્રકારના કેસોમાં અનુમાનનું ખંડન કરવા માટે એડવર્સ ઈન્સફરન્સ પણ ફરીયાદી વિરૂદ્ધ લઈ શકાય.

(૯.૫) આ કામે ફરીયાદપક્ષના જણાવ્યા મુજબ ફરીયાદીએ તેમને આ ફરીયાદ કરવા વિગેરે બાબતે ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ હોય અને ધી એન.આઈ.ઍક્ટની કલમ–૧૩૯ નાં ખંડનાત્મક અનુમાનનુ બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી. નામ.સુપ્રિમ કોર્ટ તેમના ચુકાદા **કુમાર એક્સપોર્ટ્સ વિ.શર્મા કારપેટ્સ(૨૦૦૯) ૨ એસ.સી.સી. ૫૧૩** ના પેરો નં.૧૪,૧૫ તેમજ પેરા નં.૧૮ થી ૨૦ માં ઠરાવેલ છે કે, વિરૂદ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી સામાન્ય સંજોગોમાં એવુ માનવામાં આવશે કે ચેક લેનારને ચેક આપનારે કોઇ દેવા અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા કોઈ તેના ભાગમાંથી બોજામુક્ત થવાના બદલામાં ચેક આપેલ હશે. સદર હકીકત નામ.સુપ્રિમ કોર્ટ તેમના ચુકાદા **મે.શ્રીદાનેશ્વરી ટ્રેડર્સ વિ.સંજય જૈન અને**

અન્ય ક્રિ.અપીલ નં.૬૧–૬૨/૨૦૧૧ના કામે તા.૨૧.૦૮.૨૦૧૯ના રોજ ઠરાવેલ છે. **મે.શ્રી દાનેશ્વરી ટ્રેડર્સ વિ.સંજય જૈન અને અન્ય**ના ચુકાદા પ્રમાણે ફરીયાદી એ માત્ર તેમના કહેવા મુજબ તેમ જ સામાન્ય સંજોગોના દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી તેમનો પક્ષ પુરવાર કરે છે અને ત્યારબાદ ફરીયાદીના પુરાવાઓને જો આરોપી ખંડન કરતા હોય તો તેની હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીની હોય છે. હાલના કામે ફરીયાદપક્ષ પોતાના કાયદેસરના લેણા પુરવાર કરેલ છે જ્યારે આરોપીપક્ષ તર્ફે તેને ખંડન કરતા કોઈ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને કાયદામાં કરવામાં આવેલ અનુમાન વિરુદ્ધની પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય. જેથી ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ આ કામના ફરિયાદીને તેઓના કાયદેસરના લેણાં પેટે આરોપીએ ચેક લખી આપેલ અને તે ચેક નિયત સમયમર્યાદામાં બેંકમાં નાખવામાં આવેલ જે અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ સાબિત કરતો હોય **મુદ્દા નં.૧** નો જવાબ આથી **હકાર**માં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં.૨ ની ચર્ચાઃ–</u>

(૧૦) સદર ચેક તા.૧૬/૦૫/૨૦૨૪ના રોજ ફરીયાદીએ તેઓની એચ.ડી.એફ.સી બેંક રાધનપુર શાખામાં પ્રથમ વખત જમા કરાવતા તા.૧૭/૦૫/૨૦૨૪ના રોજ તેઓની એચ.ડી.એફ.સી બેંક દ્વારા અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ જેના રીટર્ન મેમા તા.૨૦/૦૫/૨૦૨૪ના રોજ કુરીયર દ્વારા તેઓને મળેલ. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપી બીજી વખત ચેક ખાતામાં જમા કરવાનું જણાવતા તા.૧૯/૦૬/૨૦૨૪ના રોજ બીજી વખત ફરીયાદીએ સદર ચેક પોતાના ખાતામાં જમા કરાવતા તા.૨૨/૦૬/૨૦૨૪ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ હોવાનું બેંક દ્વારા કુરીયરથી જાણ કરવામાં આવેલ. ત્યારબાદ તા.૨૭/૦૬/૨૦૨૪ નારોજ આરોપીને રજી.એડી.થી ડીમાન્ડ નોટીસ મોકલવામાં આવેલ જે તા.૨૮/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને કાયદેસર રીતે બજી ગયેલ હોવા છતાં આરોપીએ આજદીન સુધી ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આ તબક્કે આરોપીના વિ.વ.શ્રી ની દલીલ જોવામાં આવે તો પ્રથમ વખત ચેક

પરત થયેલ ત્યારે ફરિયાદનું કારણ ઉત્પન્ન થયેલું. આ કામે નામ. સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ વંચાણે લેવામાં આવે જે નીચે મુજબ છે.

MSR Leather, (2013) 1 SCC 177 (2014) 2 SC.

Held, prosecution based upon second or successive dishonour of cheque is permissible so long as it satisfies all the requirements stipulated in proviso to S. 138. So long as cheque remains valid and unpaid there is a continuing obligation of drawer to make good the same.

ઉપરોક્ત જજમેન્ટમાં નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા બીજી વખત ચેક બેંકમાં પરત ફરેલ હોય તો તે આધારે કરવામાં આવેલ ફરિયાદનું કારણ વ્યાજબી હોવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી જે ચેક ફરિયાદીએ તા. તા.૧૯/૦૬/૨૦૨૪ના રોજ ફરીયાદીએ સદર ચેક બીજી વખત પોતાના ખાતામાં જમા કરાવતા તા.૨૨/૦૬/૨૦૨૪ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ હોવાનું બેંક દ્વારા કુરીયરથી જાણ કરવામાં આવેલ. જે બાબતે ફરિયાદીએ આરોપીને આંક-૧૮ વાળી નોટીસ તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ મોકલાવેલ અને તે આરોપીને બજી ગયેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષે પુરવાર કરેલ છે તેવું મારુ માનવું છે.

(૧૦.૧) ફરીયાદીના કથન મુજબ આરોપીએ આપેલ ચેક સ્વીકાર્યા વગર બે વખત પરત ફરતાં ફરીયાદીએ પોતાના વ.શ્રી મારફત તા.૨૭/૦૬/ ૨૦૨૪ ના રોજ નોટીસ આરોપીને રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલાવી ચેકની રકમ નિયત સમય મર્યાદામાં ચુકવી આપવા માટે જણાવેલ, જે આ કામે ફરીયાદપક્ષે આંક-૧૮ થી તા.૨૭/૦૬/૨૦૨૪ના રોજ નોટીસ મોકલેલ હોવાના પુરાવા રજુ કરેલ છે. તા. ૨૭/૦૬/૨૦૨૪ના રોજની નોટીસ આરોપીને આંક-૧૯ વાળી નોટીસ પોસ્ટ કર્યાની પહોંચ અને આંક-૨૦ નું નોટીસ બજવણી ટ્રેકીંગ રીપોર્ટ જોતાં તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ કાયદેસર રીતે બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીના નાણા ચુકવી આપેલ નથી. વધુમાં આ કામના ફરિયાદી તરફથી કોઇ નોટીસ ન મળ્યા અંગે આ કામે આરોપી તરફથી કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આમ, બેંકે ચેક સ્વીકાર્યા વિના પરત કરેલો જેની જાણ, ફરીયાદીને જાણ થયા બાદ આરોપીને લેણાં અંગે નોટીસ આપેલી હોવા છતાં આરોપી નિયત સમયમાં ફરીયાદીની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલાની હકીકત પુરવાર થાય છે. જેથી

ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ, **મુદ્દા નં.૨** નો જવાબ **હકાર**માં ઠરાવવામાં આવે છે.

<u>મુદ્દા નં.૩ ની ચર્ચાઃ-</u>

(૧૧) ઉપરોક્ત ચર્ચા મુજબ આરોપીના ફરિયાદી સાથેના વ્યવહારને નકારી શકે તેવો કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં ચેકની અંદર આ કામના આરોપીની સહી હોઈ ત્યારે ફરિયાદપક્ષે સાબિત કરવાનું રહેતું નથી કે, આ રકમ તેઓએ આરોપીને આપેલી છે કે નહિ. પરંતુ, આરોપીએ એવું પુરવાર કરવાનું રહે છે કે, તેઓને ફરિયાદી દ્વારા આ રકમ આપવામાં આવેલ નથી. હાથ ઉપરના કેસમાં આરોપીએ આવો કોઈ વ્યવહાર ફરિયાદી સાથે થયેલ નથી તેવી કોઈ હકીકત જણાવેલ નથી. પુરાવાની સદરહું મુલવણી મુજબ આરોપી ફરિયાદીની તરફેણમાં ધી એન.આઇ.એક્ટની કલમ-૧૩૯ ના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી તેવું આ અદાલતનું માનવું છે. પુરાવાની સદરહું મુલવણી મુજબ આરોપીએ પોતાના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાંની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલ છે તે હકીકત માનવાને રહે છે. વધુમાં હાલનો ચેક "અપુરતા ભંડોળ" ના શેરા સાથે બે વખત પરત ફરેલ છે, પરંતુ હાલના કામનો પુરાવો વંચાણે લેતાં, એવું ફલિત થાય છે કે, ચેક પરત કર્યાના દિવસે આરોપીના ખાતામાં ચેકમાં લખેલ રકમ જેટલું ભંડોળ ન હતું. આમ, બચાવપક્ષની આ દલીલ પણ માનવપાત્ર જણાતી નથી. આમ ઉપર પૅરેગ્રાફમાં કરવામાં આવેલ પુરાવાઓની મુલવણી મુજબ ફરિયાદીની તરફેણમાંના ધી એન.આઇ.ઍક્ટની કલમ-૧૩૯ ના અનુમાનોનું ખંડન કરી શકે તેટલો પ્રીપોન્ડરન્સ ઑફ પ્રોબેબીલીટી જેટલો પણ પુરાવો આપી આરોપી અનુમાનોનું ખંડન કરી શકેલ નથી તથા આરોપીએ પોતાના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાંની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલ છે તે હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોવાથી **મુદ્દા નં.૩** નો જવાબ **હકાર**માં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં.૪ની ચર્ચાઃ-</u>

(૧૨) ઉપરોક્ત ૧ થી ૩ મુદ્દાની ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ-૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવુ ન્યાયોચિત જણાઈ આવે છે.

હાલના કામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની ઍક્ટ-૧૮૮૧ની કલમ-૧૩૮ની જોગવાઈઓ ને ધ્યાને લેતા બે વર્ષની સુધીની કેદની અથવા ચેકની રકમના બમણી રકમ સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરી શકાશે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટનો મુખ્ય હેતુ લોકોનો બેંક વ્યવહારમાં અને વેપાર ધંધામાં ચેકથી લેવડદેવડ કરતા ચેકમાં સામાન્ય પ્રજાજનોનો વિશ્વાસ ટકી રહે તે જોવાનો છે આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં પેટેની રકમ નહી ચુકવી ફરીયાદીને અને બેંકમાં થાપણો મુક્તા ખાતેદારોમાં અવિશ્વાસ ઉભો થાય તેવું કાર્ય કરેલ છે અને નાણાંકીય પ્રકારનો આર્થિક ગુનો આચરેલ છે. વધુમાં, હાથ પરના કેસમાં ફરીયાદીની ફરીયાદ દાખલ કર્યાને આશરે દોઢ વર્ષ ઉપરાંતનો સમય પસાર થઈ ગયેલ છે અને ફરીયાદી આરોપીને તકસીરવાન ઠરાવવામાં સફળ થયેલ છે, પરંતુ ચેક પરત ફરવાથી થયેલ નુકસાન અને તેનું વળતર સમયમર્યાદાને કારણે મેળવી શકેલ નથી. આમ, ઉપરોક્ત કેસના સંજોગો જોવામાં આવે તો રેકર્ડ ધ્યાને લેતાં, આરોપીએ ફરીયાદીની લેણી રકમ રૂા.૨,૦૦,૦૦૦/-ચુકવી આપેલ નથી. આ કામના ફરીયાદીને આરોપીના કૃત્ય ને લીધે ભોગવવા પડેલ નુકસાનને ધ્યાને લેતાં ફરીયાદીએ નાણાં વસુલ મેળવવા માટે કોઈ અલગ દિવાની દાવો કરેલ ન હોઈ તેમજ અન્ય પ્રકારનો સિવિલ તેમજ ક્રિમીનલ દાવાદુવીનો અંત લાવવા અને ચેકથી થતા વ્યવહારોમાં અને સામાન્ય લોકોમાં બેંક વ્યવહારોમાં ચેકની વિશ્વસનીયતા ટકી રહે તેમજ ચેકનો દુરૂપયોગ થતો અટકે તે હકીકતને ધ્યાનમાં રાખીને તેમજ ઉપરોક્ત તમામ રજુઆતો, જોગવાઈઓ તથા વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને રાખીને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે, તેવા નિર્ણય પર આવી

ન્યાયના હિતમાં મુદ્દા નં.૪ ના જવાબ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

//આખરી હુકમ//

(૧) આ કામના આરોપી **આશાબેન વિક્રમભાઈ બારીયા,** ઉ.વ.આ.પુખ્ત, મુળ રહે. જીવાતખાના પાસે, મુ.તા.રાધનપુર, જી.પાટણ, હાલ રહે. ગ્રીનપાર્ક સોસાયટી(વિરાબા નાડોદાના મકાનમાં), મુ.તા.રાધનપુર, જી.પાટણવાળાને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮(૨)અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ-૧૩૮ મુજબના ગુન્હા માં તકસીવાન ઠરાવી ની એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૨,૦૦,૦૦૦/-ના બમણા એટલે કે રૂા.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) નો દંડ કરી તે તમામ રકમ વળતર પેટે આ કામના ફરીયાદીને ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ જો અગાઉ સજા ભોગવેલ હોય તો, બી.એન.એસ.ની કલમ-૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૩) આ હુકમની ખરી નકલ બી.એન.એસ.એસ.ની કલમ-૪૦૪(૧) અન્વયે આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

(૪) નામ.સુપ્રિમ કોર્ટના નિર્દેશ મુજબ સદર કેસમાં રોકડ વ્યવહાર ૨ લાખનો થયેલ હોય જેથી કાયદેસરની કાર્યવાહી કરવા સંબંધીત ઈન્કમટેક્ષ વિભાગની ઑથોરીટીને ચુકાદાની એક નકલ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: રાધનપુર
તા.૨૩/૦૭/૨૦૨૬

(કપિલ રાજમણી યાદવ)
જ્યુડી. મેજી ફર્સ્ટ ક્લાસ,રાધનપુર
જજ કોડઃ-**જીજે-૦૧૪૨૧**

(**MVP**)